જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૬/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૧૩૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૫૦૮ લીટર દેશી દારૂ, ૧૩૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૨૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૩૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૩૯/૧૭**

**કાલુપુરઃ** ભુરાજી હમીરજી વાઘેલા (ઉ.વ.૫૭) (રહે શિવમ એપાર્ટમેન્ટ, વંદે માતરમ્ સ્કુલનાં ખાંચામાં અમરાઇવાડી) તા.૨૭/૫/૧૭ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે કાલુપુર દોશીવાળાનાં પોળની બહાર પ્રભાત બુક ડેપો નામની દુકાન આગળથી ભુરાજી વાઘેલા પસાર થઈ રહ્યા હતા ત્યારે (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) ત્રણ અજાણ્યા ઇસમોએ ભુરા વાઘેલાને રોકી પોલીસની ઓળખ આપી ચેકીંગ કરવાના બહાને ભુરાજી વાઘેલા પાસેથી રૂપિયા ૧૬,૦૦,૦૦૦/- ભરેલ બેગ લઈ જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ અંગેની ફરીયાદ ભુરાજી વાઘેલા એ તા.૩૧/૫/૧૭ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.મકવાણા ચલાવે છે.

ચોરીઃ- સમાચાર યાદી નં.૧૧૪૦/૧૭

**વાડજઃ** શબીનખાન ડો/ઓ રસુલખાન પઠાણ (ઉ.વ.૨૯) (રહે. "ચ" રોડ સેકટર-૨૯ ગાંધીનગર) એ તા.૩૧/૫/૧૭ રાતના ૮/૩૦ વાગે ઉસ્માનપુરા અંડરબ્રીજ પાસે કેપ્લર ફાર્મા સીટીકલ કંપનીની નજીક પાર્ક કરેલ પોતાની કરના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી પર્સની ચોરી કરી લઈ ગઈ છે. પર્સમાં સોનાની ચેઈન, બુટ્ટી, હાર્ડ ડીસ્ક, પેન ડ્રાઈવ, જરૂરી દસ્તાવેઝ અને રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૯૩,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ શબીનખાન પઠાણે વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ગોહીલ ચલાવે છે.

<u>વાહન ચોરીઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૧૪૧/૧૭</u>**

**સરખેજઃ** હબીબભાઈ હુસેનભાઈ ઉમડીયા (રહે.મહમદયાસીન સોસાયટી જામ્બુ વાળાનો ડેલો આપાભાઈની ચાલી સામે સરખેજ ગામ) એ તા.૨૭/૫/૧૭ રાતના ૯/૦૦ વાગે સાણંદ સર્કલ પાસે ન્યુ માહીર રોડવેઝ ઓફીસ સામે પોતાની આઈસર ગાડી નંબર ૦૧ ડીવાય ૯૦૬૧ કિમત રૂપિયા ૯,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૮/૫/૧૭ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ હબીબભાઈ ઉમડીયાએ તા.૩૧/૫/૧૭ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.પઠાણ ચલાવે છે.

<u>સાતમાં માળેથી પડી જતા મૃત્યુઃ</u> **<u>સમાચાર યાદી નં.૧૧૪૨/૧૭</u>**

**ઘાટલોડીયાઃ** હર્ષાબહેન ડો/ઓ સોમજીભાઇ આમલીયાર (ઉ.વ.૧૮) (રહે.સીગ્મા ગોલ્ડન કંટ્રકશન વિવેકાનંદ સર્કલ પાસે મેમનગર) તા.૩૧/૫/૧૭ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે સીગ્મા ગોલ્ડન કંટ્રકશન ખાતે કામ કરતા સાતમાં માળેથી પટકાઈ જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃતજાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કમલેશભાઈ કાળાભાઈ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૧૪૩/૧૭</u>**

રિવરફ્રંટ ઈસ્ટઃ કુણાલ દિપકભાઇ શાહ (ઉ.વ.૩૫) (રહે. સુતરીયા સોસાયટી શાહપુર) એ પોતાની સગાઈ ન થતી હોઈ મનમાં લાગી આવતા તા.૩૧/૫/૧૭ કલાક ૬/૧૫ વાગ્યા પહેલા ગાંધીબ્રીજની નીચે વોક વે પર સાબરમતી નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મોતીભાઇ તળજાભાઇ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** મુકેશભાઈ શ્યામચંદ્ર મિશ્રા(રહે. ખોડલધામ સોસાયટી નિકોલ ગામ) એ અગમ્ય કારણસર તા.૨૧/૫/૧૭ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા ઈજાઓ થતા સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૩૦/૫/૧૭ રાતના ૮/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

**નિકોલઃ** આકાશભાઇ રામપ્રિતસિંહ રાજપુત (ઉ.વ.૧૫) (રહે. પુષ્પક બંગ્લોઝ શિરોમણી બંગલાની બાજુમા વિરાટનગર રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૫/૧૭ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રામસિહ મોતીસિહ ચલાવે છે.

**કાગડાપીઠઃ** રાજાભાઇ દુદાભાઇ સાંસીયા (ઉવ-૮૦) (રહે. રહે. પઠાણની ચાલી લાઠી બજાર-૩ ની સામે બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૩૧/૫/૧૭ બપોરના ૩/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.હે.કો.સુશ્રી નીલાબહેન રાજેશકુમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.